શ્રી સમકિત મૂલ

તથા

બાર વ્રતની ટીપ.

શ્રાવક, શ્રાવિકા. સાધુ, સાધ્વીને નિત્ય ઉપયોગી.

શોધક

યતિ રત્નકુશલજી અમૃતકુશલજી.

પ્રકાશક

શા૦ ખીમજી ડુંગરશી કચ્છ-તેરા.

સંવત ૧૯૭૦   સને ૧૯૧૪.

શ્રી સમકિત મૂલ

તથા

બાર વ્રતની ટીપ.

શ્રાવક, શ્રાવિકા, સાધુ, સાધ્વીને નિત્ય ઉપયોગી

યોજક

યતિ રત્નકુશલજી અમૃતકુશલજી.

પ્રકાશક

શા૦ ખીમજી ડુંગરશી—કચ્છ તેરા.

સંવત ૧૯૭૦ સને ૧૯૧૪.

અર્પણ પત્રિકા.

માનવંતા સદ્‌ગત શેઠ ટોકરશી શામજી.

અનેક પરોપકારી કાર્યોમાં અગ્રપદે રહેનાર, ગરીબોના
સહાયક, ધર્મ કાર્યમાં કુશળ, વ્યવહાર નિપુણ વગેરે
સદ્‌ગુણો ધારક—આપનો મારા પ્રત્યે જે અતુલ
પ્રેમ હતો તે પ્રેમને વશ થઈ આ લઘુ
પુસ્તક આપને સમર્પું છું; તે
આપનો પવિત્ર આત્મા
જ્યાં હો ત્યાં
સ્વીકારશે.

લી. નમ્ર સેવક,

ખીમજી.

શેઠ ટોકરશી શામજી જે. પી. નું

સંક્ષિપ્ત જીવન ચરિત્ર.

શેઠ ટોકરશી શામજીનો જન્મ સંવત ૧૯૨૨ ના ચૈત્ર શુદ ૧૩ ના રોજ કચ્છ આરીખાણામાં થયો હતો. ગરીબી સ્થિતિને લીધે તેઓ કેળવણીમાં આગળ વધી શકયા નહોતા. ગુજરાતી ભાષાના સામાન્ય જ્ઞાન ઉપરાંત વ્યવહાર ઉપયોગી સામાન્ય અંગ્રેજી જ્ઞાન મેળવી મુંબઇમાં પોતાના ધંધાની શરૂઆત કરી હતી. પોતાની જાત મહેનત તથા બાહોશીને લીધે થોડા વખતમાં તેઓ એક સારા વેપારી તરીકે પ્રખ્યાત થયા. મિલનસાર સ્વભાવને લીધે પોતાની આસપાસ સ્વજ્ઞાતિ તગા પરજ્ઞાતિના ગ્રહસ્થોનું એક મિત્રમંડળ તેમની આસપાસ એકઠું થયું હતું. એ સખી દિલના ગ્રહસ્થે પૈસો મેળવી જમા કરવામાંજ મહત્તા માની નહીં, પણ ઉપાર્જન કરેલા દ્રવ્યવડે ગરીબોને સહાય કરવા માંડી. તેમજ ધાર્મિક વૃત્તિના પોષણ માટે પોતાની જન્મભૂમિમાં એક જીનાલય તથા મહાજનવાડી બંધાવ્યાં. તેમજ સંવત ૧૯૫૯ ના માગશર શુદ ૧૫ ના રોજ એક મેળો અને સંવત ૧૯૬૧ ના કારતક શુદ ૧૫ ઉપર પાલીતાણા માટે એક સંઘ કાઢયો હતો. પરોપકાર વૃત્તિવાળા પુરૂષને આ જન્મમાં પણ પોતાનાં સત્કાર્યનું કાંઇક પ્રતિફલ મળતું જણાય છે. શેઠ ટોકરશી પણ પોતાની તેમજ અન્યજ્ઞાતિમાં એક પ્રતિષ્ઠિત પુરૂષ તરીકે ગણાવા લાગ્યા. સરકારે પણ તેમનું શાન્ત તથા પરોપકાર-મય વર્તન જોઇ તેમને જે. પી. નો માનવંતો ઇલકાબ બક્ષિસ કર્યો હતો. આ પ્રમાણે પરહિતમાં સ્વહિત માનનાર પુરૂષ લાબું આયુષ્ય ભોગવી શકયા નહીં. સંવત ૧૯૬૩ ના અશાડ વદ ૧૧ રવિવારના રોજ પોતાની જન્મભૂમિ કચ્છ આરીખાણામાં ૪૧ વર્ષની ઉમરે શાન્તિથી પાછળ માત્ર બે વિધવા મુકી દેહત્યાગ કર્યો. પ્રભુ તેમના અમર આત્માને શાન્તિ આપો.

પ્રકાશક.

પ્રસ્તાવના.

હાલના પ્રવૃત્તિના સમયમાં ધાર્મિક વૃત્તિની શીથિલતા જોવામાં આવે છે. અને ચારિત્ર શુદ્ધિ માટે ધર્માચાર્યોએ ઠરેલા અનેક પ્રયત્નો નષ્ટપ્રાય થતા જણાય છે તેનાં અનેક કારણો છે. કચ્છ જેવા પ્રદેશોમાં મુનિ મહારાજો અલ્પપણેજ વિહાર કરે છે, અને તેઓ પણ અગાઉના જેવા પ્રભાવશાલી ન હોવાથી લોકોમાં ધર્મ ઉત્સાહ જેવો જોઇએ તેવો રહેતો નથી. સત્પુરૂષોની ગેરહાજરીમાં તેઓનાં કહેલાં વચનોનું શ્રવણ કરવું એ અન્ય ઉપાય છે. એ હેતુની સિધિ માટેજ આ પુસ્તકનો હેતુ છે. તેમાં જે જે વિધિએ ક્રિયા કરવાની કહેવામાં આવી છે, તે તે વિધિ પ્રમાણે ક્રિયા કરવાથી ચારિત્રાચાર શુદ્ધ થતાં ધાર્મિક લાભ અલ્પ પ્રયાસે પણ વિશેષ પમાય છે. દરેક જૈન તેમાં કહેલી ક્રિયા પ્રતિદિન આચરે અને તેથી ઇહલૌકિક તથા પારલૌકીક સુખ પ્રાપ્ત કરે એ શુભ ઇચ્છા રાખી વિરમું છું.

कल्याणमस्तु सर्वजीवानाम् ॥ ॐ शान्ति ॥

યોજક,

રત્નકુશલજી.

અથ શ્રી સમકિતમૂલ

તથા

બાર વ્રતની ટીપ.

॥ પ્રથમ સમકિતવ્રત ॥

અરિહંતો મહદ્દેવો, જાવજજીવં સુસાહુણો ગુરૂણો ॥
જિન પન્નત્તં તત્તં, ઇય સમ્મતં મએ ગહિઅં ॥ ૧ ॥

અર્થ:—પ્રથમ અરિહંત સુદેવ, તે ચાર નિક્ષેપે કરી માનું. ૧. નામ નિક્ષેપો, ૨ સ્થાપના નિક્ષેપો, ૩ દ્રવ્ય નિક્ષેપો, ભાવનિક્ષેપો.

પંચમહાવ્રત ધારક તથા વર્તમાન કાળમાં ભરતાદિક પંદર ક્ષેત્રમાં વિચરનાર બે કોડી કેવલી ને બે કોડી સાધુ તથા સમ્યક્ જ્ઞાન, ક્રિયાવાન આચાર્ય, ઉપાધ્યાયને મુનિશ્વર વગેરે સદ્ગુરૂને માનું. ॥૨॥

કેવલીભાષિત જીવદયામય ને વિનય સહીત જે સુધર્મને જે સ્યાદ્વાદ સહીત એવો જે ધર્મ તે પ્રત્યે માનું; અન્ય નહીં. પરતું એ ત્રણે તત્વ સંસારિક રીતે ન હોવાથી અન્ય કુદેવાદિક ત્રણે તત્વને સંસારિક રીતિએ માનવાની જયણા પણ મોક્ષ અર્થે ન માનું. ॥ ૩ ॥

॥ અથ સમકિત કરણી. ॥

॥ તત્ર પ્રથમ દેવ કરણી ॥

જિન બિંબનાં દર્શન નિત્ય પ્રત્યે કરૂં, જો જોગવાઇ ન આવે તો પૂર્વદિશા સન્મુખ બેશી ચૈત્યવંદન કરૂં; તથા જે કાંઇ ધર્મક્રિયા કરવી પડે તે મનમાં કરૂં. જે દિન દર્શન ન થાય તે દિન [ ] કરૂં. રોગાદિક કારણે જયણા, ॥ ૧ ॥

નવકારવાળી નિત્ય પ્રત્યે [ ] ફેરવું જે

દિન ન ફેરવું, તે દિન એક વસ્તુ ન ખાઉં; પણ આગળ પાછળ ફેરવી લઉં; રોગાદિક કારણે જયણા. ॥ ૨ ॥

૧. પ્રાતઃ સમયે વિલેપણ આદિકની પૂજા [ ] કરૂં ૨. મધ્યાહ્ન સમયે કેસર આદિકરની પૂજા [ ] કરૂં ૩. સાંજ સમયે ધૂપાદિકની પૂજા [ ] કરૂં. એ ત્રિકાળ પૂજા નિયમ પ્રમાણે કરૂં. ॥ ૩ ॥

બાર મહીને સાધરણ ખાતે રૂપીઆ [ ] ખરચું. ॥ ૪ ॥

જિન પૂજાના કામમાં ખપ લાગતાં કેસર આદિક ઉપકરણો ખાતે બાર મહીને રૂપીઆ [ ] ખરચું. ॥ ૫ ॥

સ્નાત્ર પૂજા [ ] તથા સત્તર ભેદી પૂજા [ ] ભણાવું. ને ભણાતી હોય ત્યાં સાંભળવા ઉદ્યમ કરૂં; અર્થાત્ ઘટતો પ્રયત્ન કરૂં ॥ ૬ ॥ ઇતિ ॥

॥ અથ ગુરૂ કરણી ॥

નિત્ય પ્રત્યે ગુરૂનો જોગ હોવાથી દર્શન, વંદન તેમ પચ્ચખાણ આદિક માટે જાઉં. જે દિન સાંસારિક કારણને લીધે ન જવાય તે દિન એક વિગઇ ન ખાઉં ॥ ૧ ॥

નિત્ય પ્રત્યે ઉત્તરાસંગ પ્રમુખ પાંચ અભિગમ સાચવી સદ્ગુરૂનાં દર્શન વંદન અર્થે તેમજ સુશ્રુષા કરવા, તથા બની શકે ત્યાં સુધી ઉપદેશ સાંભળવા ઉદ્યમ કરૂં અર્થાત્ સાંભળું. ॥ ૨ ॥ ઇતિ ॥

॥ અથ ધર્મ કરણી ॥

બાર મહીને [ ] યાત્રા કરૂં. ॥ ૧ ॥
જીવદયા [ ] તિથિ નિયમ પળાવું. ॥ ૨ ॥
પાખી [ ] તિથિ નિયમ પળાવું ॥ ૩ ॥

બાર મહીને દેવગુરૂ તેમ સંઘની યથાશક્તિ ભક્તિ કરૂં; તેમ સમકિતના ૬૭ બોલ ધારૂં.

૬૭ બોલનું કોષ્ટક.

૪ સદ્દહણા.	૫ ભૂષણ.
૩ લિંગ.	૫ લક્ષણ.
૧૦ વિનય.	૬ જયણા.
૩ શુદ્ધિ.	૬ ભાવના.
૫ દૂષણ.	૬ આગાર.
૮ પ્રભાવક.	૬ સ્થાન.

આવી રીતે મારે જીવે છછિંડીને ચાર આગાર સહીત જાવજજીવ સમકિત ધારણ કીધું છે ॥ ૪ ॥ ઇતિ. ॥

॥ અથ પ્રથમ સ્થૂલ પ્રાણાતિપાત વિરમણ વ્રત ॥

ત્રસકાય જીવની હિંસા ન કરૂં. આરંભે પરિગ્રહેજયણા (રક્ષા કરવી) અર્થાત્ ઉપયોગે વર્તુ. નિરપરાધી જીવને વગર કારણે સંકલ્પે કરી ત્રસકાય જીવને ન હણું, ન હણાવું, કે અનુમોદન આપું નહીં. એ પ્રથમ વ્રત કાયાથી પાળું; મન વચન રોકવા ઘટતો પ્રત્યન કરૂં. પાંચ અતિચાર જાણું પણ આદરૂં નહીં.

॥ અથ પ્રથમ વ્રત કરણી ॥

માંસ, દારૂ, શિકાર, મધ, માખણ, રાત્રિભોજન, પ્રમુખ અભક્ષ્ય, અને ડુંગલી, લસણ, ગાજર પ્રમુખ જમીન કંદ વગેરે અનંત કાયનું ભક્ષણ કરવાનું ત્યાગ કરૂં. સર્વ જાતની રમત ન કરૂં. પણ ધર્મ કાજે કે વિવાહ પ્રમુખ કાર્યમાં દાંડીઆ રમત (રાસ રમત) આદિ કરવાની જયણા, બાકી સર્વથાબંધ; તથા સાત પ્રકારનાં વ્યસન ન સેવું. ॥ ૨ ॥ ઇતિ ॥

॥અથ બીજું સ્થૂલ મૃષાવાદ વિરમણ વ્રત. ॥

એવું ખોટું ન બોલું કે જેથી જીવઘાત થાય. તથા પાંચ પ્રકારે મોટું જૂઠું ન બોલું. [૧. કન્યાલીક એટલે સગાઇ આદિ કાર્યમાં જૂઠું બોલવું તે. ૨. ગોવાલીક એટલે ચતુષ્પાદિકના વેચાણ આદિકમાં જૂઠું

બોલવું તે. ૩. ભૂમ્યલીક એટલે ભૂમિ આદિક પારગ્રહમાં જૂઠું બોલવું તે. ૪. નાસાવવહારે એટલે પારકી થાપણ મોસો કરવો. અથવા ઓળવવી તે. ૫. કુડ સખ્ખિજે એટલે રાજદબારે કુડી સાક્ષી ભરવી. અથવા રાજાદિકનો દંડ ઉપજે તેવું જૂઠું બોલવું તે.] એ પાંચ મોટાં જૂઠ હું ન બોલું.

॥ અથ દ્વિતિયવ્રત કરણી. ॥

હાસ્ય, રતિ આદિકનોકષાય કે જે વડે કોઇ જીવનું નાક, કાન, આદિ અવયવ છેદાય તેવું જૂઠ ન બોલું. રાજયદિકનો ભય ઉપજે અથવા દંડ થાય તેવી કઠોર ભાષા ન બોલું. પરન્તુ પરને કાજે પાંચે કન્યાલીક આદિક માટે નિયમ છે. પણ ન છુટી શકતા આત્મા-કાજે, સ્વજન તથા કુટુંબ અને ધર્મને કાજે જયણા છે. આ વ્રતના પાંચ અતિચાર જાણું પણ આદરૂં નહીં. ॥ ૨ ॥ ઇતિ. ॥

॥ અથ તૃતિયવ્રત કરણી ॥

૧. કોઈની પડી ગએલી વસ્તુ લેવી, ૨. કોઈની ખોવાઇ ગએલી વસ્તુ લેવી, ૩. કોઇની નજર ચુકાવી વસ્તુ લેવી, ૪. કોઇનું ઘર ફાડી કે તાલાદિક ઉઘાડી વસ્તુ લેવી, ૫. કોઇને લુટીને વસ્તુ લેવી, કે કોઇની વીસરેલી વસ્તુ લેવી એ પ્રકારની ચોરી ન કરૂં આત્મા કાજે, સ્વકુટુંબકાજે, ધર્મકાજે પણ બનતાં સુધી ન કરૂં. તદુપરાંત જયણા ॥ ઈતિ ॥

॥ અથ ચતુર્થ સ્થૂલ મૈથુન વિરમણ વ્રત. ॥

સ્વદારા [ ] પરદારા વિવર્જના રૂપ ત્યાગ
સ્વદારા સંતોષ માટે [
તિથિ નિયમ પાળું. પરદારા [
પાળું. આ વ્રત મન વચન કાયાથી કોષ્ટક મુજબ પાળું
દેવ સંબંધી ભોગ, [ ], તિર્યંચ
સંબંધી ભોગ. [ ] મનુષ્ય સંબંધી
ભોગ [ ], પાળું. મન વચન કાયા
વડે રોકવાનો સતત્ પ્રયત્ન કરૂં. પાંચ અતિચાર જાણું, આદરૂં નહીં.

॥ અથ ચતુર્થ વ્રત કરણી ॥

હસ્ત ક્રિયા કે કુદરતથી વિરૂદ્ધ વર્તન કરી સ્વવીર્યનો નાશ ન કરૂં. સ્વપ્નાંતરમાં જયણા; તથા શીલની નવવાડ સાચવવા યથા શકિત ઘટતો પ્રયત્ન કરૂં. તેમ સંઘટ્ટાની જયણા. અર્થાત્ લોક વ્યવહારે સંઘટ્ટની છુટી. દેહરામાં દર્શન પૂજાદિક કાર્યમાં સંઘટ્ટ ન કરૂં. ॥ ૪ ॥

॥ અથ પંચમ સ્થૂલ પરિગ્રહ પરિમાણ વ્રત ॥

નવવિધિ પરિમાણ ૧ ધન, ૨ ધાન્ય, ૩ ક્ષેત્ર, ૪ વાસ્તુ, ૫ હિરણ્ય (રૂપું), ૬ સુવર્ણ (સોનું), ૭ દ્વિપદ (નોકર આદિક) ૮ ચતુષ્પદ (ચોપગાં-ગાય ભેંસાદિક), ૯ રાછપીછ (સાતે ધાતુ આદિક ફરનીચર સામાન).

॥અત્ર નવવિધ ઇચ્છા પરિમાણ કરેલ જાવજજીવ પાળું॥

૧ ધનનું પરિમાણ ચાર પ્રકારે ૧ ગણિય-(ગણ્યા વેચાય સોપારી પ્રમુખ તે) બાર મહિને ઘરકુટુંબ અર્થે રૂપીઆ ( ) નું રાખું તથા વેપાર અર્થે રૂપીઆ ( ) નું રાખું. ૨ **ધરિમ** (તોળીને વેચાય ગોળ પ્રમુખ) બાર મહિને ઘર કુટુંબ સારૂં ( ) મણ રાખું. વેપાર અર્થે ( ) મણ રાખું. ૩ **પરિછેદ્ય** પરીક્ષા થાય છે જવા હીર કે હીરા આદિક) **જવાહીર** રૂપીઆ નું રાખું (મણી રૂપીઆનું રાખુ) **મોતી** રૂપીઆ( )ના રાખું. **સોના મહોર** વેપાર આદિક સર્વ ખાતે ( ) અંકે ( ) રાખું, **રૂપા મોહર** વેપાર આદિક સર્વ ખાતે ( ) અંકે ( )

રાખું ઘરેણા હાર પ્રમુખ રૂપીઆ ( ) નાં રાખું, અથવા ઘડેલ સોનું તોલા ( ) રાખું અને **ઘડેલ રૂપું** તોલા ( ) રાખું વસ્ત્રો બાર મહીને ( ) રાખું, રંગીને પોતાને પહેરવા માટે રૂપીઆ ( ) નાં રાખું. ઘર કુટુંબ માટે જયણા. છુટક **પરીક્ષાવાળી વસ્તુ**-જાવજજીવ આગળ પાછળ રૂપીઆ ( ) ની રાખું, ૪ **મવિથ**-

(મપાય છે તે) દૂધ આદિક વસ્તુ ઘરકુટુંબ માટે જયણા, વેપાર અર્થે રૂપીઆ (   ) ની છુટ. પણ દૂધ, ખજુર, ગોળ સાકર, ખાંડ, તેળ, ઘૃત, આદિક રસવાળી વસ્તુ શ્રાવક ઘર ખાતે રાખું, પણ વેપાર અર્થે નિષેધ છે.

૨. **ધાન્ય.** ચોવીશ જાતનાં તેમાંથી ઘર કુટુંબ માટે ૧. બાજર કળશી (   ) ૨. ઘઉં (   ) ૩. મગ (   ) ૪. ચોખા (   ) ૫. તુઅર (   ) ૬. જુવાર (   ) ૭. અડદ (   ) એ સાત ઉપરાંત જેટલા ધાન્ય તે કળશી (   ) બાર મહીને છુટ. અને વેપાર અર્થે ચોવીશ જાતનાં ધાન્ય તે કળશી (   ) છુટ. લેવડ દેવડ માટે ચોવીશ જાતનાં ધાન્ય કળશો (   ) છુટ. ઉપરાંત સર્વે બંધ. પરદેશી ધાન્ય ચોવીશ જાતનાં ઉપરાંત તે દુકાળ આદિકમાં અથવા દુકાળમાં ઉપજતાં ધાન્યો ખાવાની જયણા. પણ બાર મહીને કળશી (   ) છુટ. ઉપરાંત બંધ.

૩. **ક્ષેત્ર.** પરાજા (   ) ખેડુ રાખું. બાગ પરાજા (   ) રાખું બગીચા પરાજા (   ) રાખું અને પારકી જમીન પરાજા (   ) ભાડે જમીન પરાજા (   ) ખેડું રાખું.

૪. **વાસ્તુ.** દુકાન (   ) ઘર (   ) બંગલા (   ) સાત માળવાળો આવાસ (   ) અથવા (   ) રાખું. મહેલ દેશમાં અથવા પરદેશમાં (   ) રાખું ભાડે હાટ ઘર આદિક રાખવાની જયણા. તથા કુટુંબ આદિકથી ન છુટવાથી સુપરત કરેલી વસ્તુને સમરાવણની જયણા. તેમ ભાડે જગા લીધેલ તેને સમરામણની જયણા.

૫. **હીરણ** રૂપું મણ વેપાર અર્થે (   ) ઘર કુટુંબ માટે રૂપું તોલા (   ) રાખું.

૬. **સુવર્ણ.** સોનું મણ વેપાર અર્થે. (   ) ઘર કુટુંબ માટે તોલા (   ) રાખું.

૭. **દ્વિપદ.** નોકર (   ) રાખું. પણ વેચાતા કરી ન રાખું. પણ પગાર આપીને નોકર વગેરે રાખવાની જયણા.

૮. **ચતુષ્પદ.** ગાય (   ) ભેંસ (   )

બકરી (   ) બળદ જોડ (   ) ઘોડા (   ) હાથી (   ) ઊંટ (   ) વેલા સહીત રાખું.

૯. **કુપ્ય.** રાછ પીછ ત્રાંબું (   ) મણ, પીતળ (   ) મણ, કાંસુ (   ) મણ, લોઢું (   ) મણ, કલાઇ (   ) મણ, બંગ (   ) મણ, કથીર (   ) મણ, જસત (   ) મણ રાખું. તથા તેનાં વાસણ આદિક ચીજો રૂપીઆ (   ) ની રાખું. ઘર વકરી લાકડાં આદિકની વસ્તુ રૂપીઆ (   ) ની રાખું. ફરનીચર કબાટ, ખુરસી વગેરે રૂપીઆ (   ) નાં રાખું. તથા મારા ભોગમાં નિયમ ઉપરાંત વપરાતી ચીજો તે ખાતે રૂપીઆ (   ) ઉપરાંત ધન આદિક વધે તો તે ધર્મસ્થાનમાં વાપરૂં. તે ઉપરાંત ભાડે વસ્તુ લેવાની જયણા. પાંચ અતિચાર જાણું પણ આદરૂં નહીં.

॥ અથ પંચમ વ્રત કરણી. ॥

સાધુઓ બાહ્ય નવ પ્રકારે અને અભ્યંતર ચૌદ પ્રકારે પરિગ્રહ ત્યાગે છે. અને શ્રાવક નવ પ્રકારે પરિગ્રહ ઇચ્છા પરિમાણ કરે છે. પણ ચૌદ પ્રકારે પરિમાણ તો નથી. તેમજ ઇચ્છા મુકતો નથી. માટે હવેથી પરિમાણ કરેલ પરિગ્રહને વિષે મુર્ચ્છા રાખું. ઉપરાંત ઇચ્છા ન કરતાં જે હોય તેમાંથી પણ તૃષ્ણા ઓછી કરવા ઘટતો પ્રયત્ન કરૂં. ॥ ઇતિ. ॥

॥ અથ ષષ્ઠ પરિદિશિ પરિમાણ વ્રત. ॥

ચારે દિશામાં તથા ચારે વિદિશામાં વેપાર અર્થે જળવાટે (   ) કોશ તથા સ્થળ વાટે (   ) કોશ જવું આવવું. ઉપરાંત યાત્રા કરવા જયણા. તથા કાગળ આદિક તથા માણસ આદિક મુકવા, દેશ વિદેશની વિકથા સાંભળવા જયણા. વેપાર વિના ચારે દિશા વિદિશા જળ વાટે (   ) કોશ, તથા સ્થળ વાટે (   ) કોશ જવું આવવું દશ કોશ ઊંચું તેમજ દશ કોશ નીચું જવું આવવું. તેમ વેપાર અર્થે બંદર પરિમાણ (   ) અને વેપાર વિના સહેજ જવા આવવા માટે બંદર પરિમાણ (   ) છે.

॥ અત્ર ષષ્ઠ વ્રત કરણી. ॥

કરેલ નિયમ ઉપરાંત જવું આવવું નહીં. પણ સમુદ્રમાં વહાણ બોટ આદિક ભાગવાથી, અથવા વાયુ વગેરેથી વહાણ એક બંદરથી બીજે બંદર જતાં, અથવા જળ વાટે કે સ્થળ વાટે કોઇ પ્રકારનો ઉપદ્રવ થવાથી ભાગંત્રાસથી એક સ્થાનથી બીજે સ્થાન જવાથી મુળ સ્થાનકે પાછું આવવું તેની જયણા, તથા મ્લેચ્છાદિક ચોરો નિયમ ઉપરાંત લઇ જાય તો તે વડે વ્રત ભંગ ન થાય. ॥ ઇતિ ॥

॥ અથ સપ્તમ ભોગોપભોગ પરિમાણ વ્રત ॥

રાત્રિ ભોજનનો ત્યાગ એટલે [ ] કરૂં

ચૌદ નિયમ ધારૂં. પન્નર કર્માદાનનો વેપાર ન કરૂં સચિત્ત નો [ ] ત્યાગ. પણ અચિત્ત કરીને પાપરૂં. અર્થાત્ શક્તિહીન માટે ૨૨ અભક્ષ્ય, ૩૨ અનંત કાયનો ત્યાગ તે ઉપરાંત સચિત્ત વનસ્પતિ ખાવાની છુટ રાખેલી ટીપ પ્રમાણે ખાઉં, તે કરતાં વધારે ખાઉં નહીં. તથા તિથિ નિયમ પાળું. તિથિ નિયમ કોષ્ટક [ ]
રોગાદિક કારણ માટે જયણા. ઘર કુટુંબ માટે જયણા.

॥ અથ સચિત્તલીલોતરીની ટીપ. ॥

ફલની જાત.

૧ તુરીઆની જાત
૨ ચીબડાની જાત
૩ કાકડીની જાત
૪ કંટોલાની જાત
૫ કારેલાની જાત
૬ કેળાની જાત
૭ આંબાની જાત
૮ ગોલની જાત

ફલની જાત.

૯ લીંબુની જાત
૧૦ ભીંડાની જાત
૧૧ દુધીઆની જાત
૧૨ કોટીંબાની જાત
૧૩ શીતાફલની જાત
૧૪ રામફલની જાત
૧૫ પેરની જાત
૧૬ નીળી દ્રાખની જાત

ફુલની જાત.

૧૭ પીવર કોલાંની જાત
૧૮ સાકર કોલાની જાત
૧૯ કલીંગાની જાત
૨૦ દાડમની જાત
૨૧ કીરમદાની જાત
૨૨ જાંબુની જાત
૨૩ અનનાસની જાત
૨૪ પપેનુશની જાત
૨૫ રાગીલકીની જાત
૨૬ કાઠચીભડાની જાત
૨૭ તકમકીઆની જાત
૨૮ નીલી પબડીની જાત
૨૯ નીલી ખારક
૩૦ દુડીગાની જાત
ચંદની જાત
૩૨ શંતરાની જાત
૩૩ નારંગીની જાત
૩૪ નારીએલની જાત

ભાજીપાલાની જાત

૧ મેથીની ભાજી
૨ તાંદુલજાતની ભાજી
૩ શોઆની ભાજી
૪ ટાંકાની ભાજી
૫ દાભાની ભાજી
૬ કોથમીરીની ભાજી
૭ મુળાનાં પાન
૮ મોગરીની જાત
૯ મોગરાની જાત
૧૦ નાગરવેલના પાનની જાત

ભાજીપાલાની જાત

૧૧ મીરચાની જાત
૧૨ રાઇની ભાજી
૧૩ અળુના પાન
૧૪ કુબીની જાત
૧૫ શીરપંખાનાં જાત
૧૬ તુલશીનાં પાન
૧૭ અજમાના પાન
૧૮ નીલી ચાએ
૧૯ લીંબડાના પાન
૨૦ ગીરમરનાં ડાળાં
૨૧ શરશાવની ભાજી
૨૨ કુરલીની ભાજી
૨૩ કુધીનાની ભાજી

ફળીની જાત

૧ ગુઆરની ફુલી
૨ મગની ફળી
૩ ચોળાની ફળી
૪ કોએડની ફળી
૫ વટાણાની ફળી
૬ શીરગુની ફળી

પોકની જાત તથા શાઠા

૧ જોઆરના પોક
૨ મકાઇના ભોટા
૩ બાજરાના પોક
૪ ઘહુંના પોક
૫ રતડના પોક
૬ ચણાના ઓલા
૭ છાસટીઆના પોક

પોકની જાત તથા શાઠા

૧ શેરડીના સાંઠા
૨ રતડના સાંઠા
૩ જોઆરના સાંઠા
૪ છાસટીઆના સાંઠા

બાવીશ અભક્ષ જાણી છાંડવા જોગ્ય.

૧ વડની પીપુ
૨ પીપલાની પીપુ
૩ પીપલીની પીપુ
૪ પલક્ષની પીપુ
૫ ઊંબરની પીપુ
૬ મધ
૭ માખણ
૮ મહુંશ
૯ મદિરા
૧૦ હેમનું પાણી બાંધેલ
૧૧ વીખ તે અફીણ શોમલ વછ નાગ વગેરે
૧૨ વરસાદના કરા તે રોએડા
૧૩ માટી સર્વ જાતની
૧૪ રાત્રિ ભોજન
૧૫ બહુબીજ તે અંજીર વીગેરે
૧૬ વીદલ તે કઠોળને છાશ સાથે
૧૭ બોડાનું અથાણું
૧૮ રીંગણુ
૧૯ અજાણ્યું ફુલ
૨૦ તુછ ફુલ તે ચીનીઆ બોર લીયાર ગુધા
૨૧ ચલીતરશ તે વણસેલાં ફુલ તથા અનાજ મીઠાઈ ખરાબ થઈ ગએલી હોય તે
૨૨ બત્રીશ અનંત કાય એટલે સર્વે અનંત કાયની ચીજો

---

૧ ચુલા પાંચ શલગાવવા
૨ માથા પાંચ ગુંથવા
૩ ગટી પાંચ ફેરવી
૪ દીવા પચીશ કરવા
૫ માશ એકમાં દિન ૪ લીલોત્રી ખાવી નહીં માથાં તથા ગટી એ કામ કરવું નહીં તે દિન ચાર; આઠમ બે, અમાશ ને પુનમ

અથ સચિત્ત લીલોતરી ખાવા માટે છુટ રાખેલ તેની ટીપ

॥ અથ ચૌદ નિયમ ધારવાની સમજણ ॥

સચિત્ત—ચેતના લક્ષણ જેમાં હોય તે. (પાંચ સ્થાવરને ત્રસકાય). તેમાંથી જે જે વસ્તુ ખપે તેનો નિયમ અહોરાત્રિ માટે અથવા દિવસ રાત્રિ માટે જુદા જુદા કરે તેમાં ૧ **પૃથ્વીકાય**—સર્વ જાતની માટી, પાષણ આદિક સાબુ, ખારો, હરતાલ આદિકનો નિયમ કરવો. એટલે પૃથ્વીકાયની ખપ લાગતી વસ્તુ છુટ રાખીને બાકીની સર્વથા બંધ કરવી ૨. **અપ્પકાય**—સર્વ જાતનાં પાણી તેમાં નાહવા ધોવા માટે અથવા અમુક ઠેકાણે સ્નાન કરવા કે લુગડાં ધોવા જવું ત્યારે તે દિવસ છુટ રાખવી ૩. **તેઉકાય**—સર્વ જાતની અગ્નિ, આટલા ચૂલા સળગાવવા, અથવા આટલા ચૂલાની રસોઇ કરેલી ખાવી, આજે આટલાં ફાનસ–દીવાબત્તી–કરૂં, અથવા તે ઉકાયમય આટલાં ઉપકરણ વાપરૂં. બાકી સર્વથા બંધ. એવી રીતે ખપતી ચીજ છુટ રાખી બાકી સર્વથા બંધ કરવી. ૪. **વાયુકાય** સર્વે જાતના વાયુ–તેમાંથી આજે આટલા પંખા વાપરૂં. તેમ વાયુકાયમય જે વસ્તુ તે આટલી વાપરૂં, તેનો નિયમ કરવો. જેમકે આટલા પંખા, આટલી ધમણ, અથવા આટલા વાયુકાયમય સંચા એમ ચોકખી રીતે નિયમ કરવો ૫ **વનસ્પતિકાય** સર્વ જાતની વનસ્પતિ તેમાંથી સાધારણ વનસ્પતિ મુકી પ્રત્યેક વનસ્પતિની આગળની નોંધમાંથી જે ખપે તેમાં તેના ભાંગા ધ્યાનમાં લેવા. ૬. **ત્રસકાય** સચિત્ત એટલે ચેતના લક્ષણ જેમાં હોય તે એક વિધજીવ રહેવાય. તે માટે ત્રસકાયનું સ્વરૂપ જણાવેલું છે. ત્રસકાય (બે ઇન્દ્રિય. ત્રેંદ્રિય, ચૌરેંદ્રિય, પંચેંદ્રિય) માટે ત્રસકાયનો કાંઇ નિયમ કરવાનો નથી. પણ સર્વજીવની રક્ષા કરવી એવો ભાવાર્થ જાણવો.

૨. **દ્રવ્ય**—ધાતુનાં વાસણ આદિક તેમાં કાષ્ટાદિક ઉપકરણો, તેમ પાષાણાદિકની તથા માટી આદિકની વસ્તુ અથવા વાસણ આદિક મુકી. બાકી પોતાની આંગળી સિવાય મોઢામાં જાય તેવી વસ્તુ દ્રવ્ય કહેવાય. અર્થાત્ ॥ **परिमाणांतरायन्नं द्रव्यमुच्यते** ॥ માટે જેટલાં દ્રવ્ય ખાવા માટે જોઇએ, તેટલાં ઉપયોગ સહિત છુટમાં રાખવાં, બાકીનાં બંધ કરવાં.

૩. **વિગઇ**—(૧ દુધ, ૨ દહીં, ૩ ઘૃત, ૪ તેલ, ૫ મિષ્ટાન્ન, ગોળ, સાકર પ્રમુખ જાણવાં) ૬ કડાવિગઇ (તેલ આદિકમાં જે વસ્તુ

તળાય છે તે એ છ વિગઇમાંથી બે કે ત્રણ જેવી શકિત તેવી ચોખી વિગઇ મુકવી પણ નિવીઆતા લેવા નહિં કારણ કે શ્રાવકને મનાઇ છે. તેનું ઉદાહરણ- ઘરના ભુઆને ઘરની ડાકેણ. તેમ શ્રાવકને ઇચ્છા થાય તો નિવીઆતા કરી જમે. માટે હાલ વખતમાં એ પ્રચાર ઘણો હોવાથી નિર્જરા થતી નથી તેમ સાધુને નિવીઆતા લેવા કહ્યા છે. પણ પ્રવચનમાં નિર્જરા થોડી કહી છે અથવા મનાઇ પણ કરી છે. તો શ્રાવકને માટે નિવીઆતાની છુટ રહી શકે નહી પણ છઠાદિકનો જે લાગટ તપ કરતો હોય, તો તેને ત્રણ દિવસ પછી નિવીઆતા લીધાકલ્પે માટે શ્રાવકે ચોખી વિગઇ કરવી; અથવા દરરોજ એક વારા ફરતી મુકવી.

૪. ઉપાનહ—પગરખાની જોડ આજે આટલી પહેરૂં તેમ મોજાની જોડ. પહેરૂં એવો નિયમ કરવો.

૫. **તંબોલ**—મુખ વાસ માટે એલચી, લવિંગ આદિક આટલા શેર અથવા તોલા છુટ તેમાં સોપારી પ્રમુખ મુખવાસની ગણતરી અથવા નિયમ કરવો.

૬. **ચીર**—પુરૂષ, પાંચે અંગના વેશ, તેનો નિયમ કરે. તેમ સ્ત્રી પણ પાંચે અંગ તેમ તેના અંતર જોઈતા વસ્ત્રાદિક તેમ સોળ શણગાર માટે જે જે વેશ આદિક જોઇએ તેનો નિયમ કરે ને રાત્રિને વિષે તેમ દિવસને વિષે જુદા જુદા ધારે. તેમ સર્વની સંખ્યા કરી નિયમ કરે.

૭. **કુસુમ**—ફૂલ સર્વે જાતનાં તેમાંથી ફૂલોના હાર, શય્યા કે પંખો અથવા ફૂલમાંથી બનતી વસ્તુઓ તેનો નિયમ કરવો. તથા સુગંધમય જે જે વસ્તુ તેનો નિયમ કરવો.

૮. **વાહન**—તરતાં, ફરતાં ને ઉડતાં—એ ત્રણ પ્રકારના વાહનો તેમાંથી ૧ તરતાં (વહાણ વગેરે) તેનો નિયમ કરવો ૨ ફરતા (ઘોડા, બળદ આદિક) તેનો નિયમ કરવો. તેમજ ૩ ઉડતાં (વિમાન વગેરે) તેનો નિયમ કરવો. આ નિયમો તેમાં ફીરવણી સહીત કરવા.

૯. **શય્યા**—સુવાનાં બિછાનાં, તેમ બેસવાનાં આસન તેમજ પાટ, પાટલા, ખુરશી આદિક બેસવાના, સુવાના જે શય્યાદિક તેનો નિયમ કરવો.

૧૦. વિલેપન—એટલે શરીરને ચોપડવાથી અથવા વસ્ત્રાદિક ને ઢાંકવાથી અથવા ચોપડવાથી જે સુગંધમય વસ્તુ (તેલ, અત્તર, ચુઆ, કેસર, સુગંધમય વસ્તુ) આદિકનું પરિમાણ કરવું.

૧૧. **બ્રહ્મચર્ય**—સર્વ પાખંડ નિયમ ધારવા નહીં. પણ સ્વદારા સંતોષ તેને માટે નિયમ-રાત્રિ કે દિવસમાં મૈથુન સેવવું. અથવા દિવસમાં આટલી વખત કે ફલાણે વખતે તેમજ રાત્રિ માટે ધારવું. તેમાં તેના ભાંગા (હાસ્ય, વિનોદ, ચુંબન, આલિંગન, કે કામ ઈચ્છા આદિક જે ભાંગા) ધારવા. એટલે આટલી વખત મૈથુન સેવવું. આટલી વખત હાસ્ય વિનોદ વગેરે ભાંગા સેવવા વગેરેનો નિયમ કરવો.

૧૨. **દિશિ**—છઠ્ઠાવ્રતમાં બાંધેલ હદ-તેમાંથી આજે આટલા કોસ કે ગામની અંદર તેનો નિયમ કરવો. તેમાં માણુસ મુકવો કાગળ લખવો કે વિકથા સાંભળવી તે ભાંગા સાથે ધારવા.

૧૩. **સ્નાન**—એટલે તેલ મર્દન પૂર્વક આટલી વાર નાહવું તથા હાથપાદાદિક દેશ સ્નાન કરવું, તેનો નિયમ કરવો. તથા વસ્ત્ર-આદિક ધોવા જવા માટે તલાવ આદિક જવા આવવા છુટ રાખવી. ત્યાં પણ ગાળીને પાણી વાપરવું. નાહવા માટે ઉનું પાણી કે શીતલ પાણી તેનો મણ આદિકથી નિયમ કરવો.

૧૪. **ભત્તપાન**—આજે મારે લાડુ આદિક મિષ્ટાન્ન, તેમ રોટલા પ્રમુખ અનાજ વગેરેનો નિયમ કરવો. એટલે અન્ન આટલા શેર, મિષ્ટાન્ન આટલા શેર, તેમ પાણી આટલા શેર વાપરવું. વગેરે નિયમ કરવા. ॥ ઇતિ ચૌદ નિયમ સંપૂર્ણ. ॥

॥ અથ પન્નર કર્માદાનના વ્યાપાર નિષેધ સુચન. ॥

(શ્રાવકને ન કરવા. વ્યાપાર ઇંગાલ કર્માદિકના)

૧ **ઈંગાલ કર્મ**—જે વ્યાપાર અગ્નિવડે થાય છે જેમ કે કોયલા પ્રમુખ તે ન કરૂં પરંતુ પોતાના કુટુંબ વાસ્તે ઈંગાલ કર્મ કરવું તેની જયણા.

૨. **વનકર્મ**-પાત્ર ફલાદિક છેદવા ને ક્ષેત્ર વેચવાં, તથા વગર છેદયાં ક્ષેત્રાદિક વેચવાં, તે વ્યાપાર અર્થે ન કરૂં પણ કુંટુંબ અર્થે જયણા

૩ **સાડી કર્મ**—ગાડાં, રથ, આદિક વેપાર અર્થે ન વેચું પણ ઘર કુટુંબ અર્થે જયણા.

૪ **ભાડીકર્મ**—ઊંટ બળદ વગેરેનાં ભાડાં કરી આજીવિકા ચલાવવી તે ન કરૂં; ઘરકુટુંબ અર્થે જયણા.

૫. **ફોડીકર્મ**—વેપાર અર્થે ખાણુ, કુવા, વાવ વગેરે ખોદાવવાનો નિષેધ ઘર કુટુંબ માટે જયણા.

૬. દંતવાણિજ્જે—ઘોડા હાથી પ્રમુખના દાંત, તેનો વેપાર ન કરૂં ઘર કુટુંબ માટે જયણા.

૭ લખવાણિજ્જે—મણશીલ, લાખ વગેરેનો વેપાર ન કરૂં ઘર કુટુંબ માટે લેવા દેવાની જયણા.

૮ રસવાણિજ્જે—મધ મદિરા પ્રમુખનો વેપાર ન કરૂં પણ ઘર કુટુંબ માટે મધ આધિક વસ્તુ રોગાદિક કારણે લેવાની જયણા છે.

૯. વિષવાણીજ્જૈ—હથિઆર, સોમલ, આદિક વિષ તેનો વેપાર ન કરૂં ઘર કુટુંબ માટે લેવા દેવાની જયણા.

૧૦ કેશવાણિજ્જૈ—વાળનો વેપાર ચલાવવો ગાય ભેંસાદિક વેચવાં, તથા સર્વ જાતના વાળ ઉન વગેરેનો વેપાર ન કરૂં ઘર કુટુંબ માટે જયણા.

૧૧ નિલંછન કર્મ—વેપાર અર્થે બલદાદિકને ડામ દેવા, છેદન કરવા, ખાંસી કરવા, તેમ તેનો વિચાર કરવો, તેમ તેનો વેપાર વગેરે ન કરવું ઘર કુટુંબે રોગાદિક થતાં ડામાદિકની જયણા.

૧૨. યંત્રપીલન કર્મ—હરકોઇ વસ્તુ યંત્રથી પીલાવી તેનો વેપાર અથવા તેવાં યંત્રનો વેપાર ન કરૂં ઘર કુટુંબે જયણા.

૧૩ વનદહ કર્મ—વનાદિક બાળવાનો જે વેપાર તે હું ન કરૂં

૧૪ સરદહ, તલાવ, શોષણયા—વાડી આદિકમાં કુવા વગેરેના પાણી કાઢી બીજા ક્ષેત્રમાં ભરાવવાં, તેમ કુવા આદિકનાં પાણી સર્વે કાઢી બહાર પાણીનો પ્રવાહ કરવો તે વેપાર અર્થે ન કરૂં. ઘરકુટુંબે જયણા. તથા સર, સરોવર, દહ (ધરા) કે, તલાવ વગેરેનાં પાણી શોષાવવાં તે હું ન કરૂં.

૧૫. અસતી પોષણ—અસતી કહેતાં નઠારી સ્ત્રી વેશ્યા વગેરેનું પોષણ ન કરૂં.

વેપાર અર્થે કુકડા, મેના, પોપટ વગેરેનું પાલન પોષણ ન કરૂં. પણ ઘર કુટુંબે અનુકંપા—દયા લાવી, પાળવું, પોષવું કે ઉપદેશ કરવો તેની જયણા.

॥ અથ બાવીશ અભક્ષ્યને ૩૨ અનંતકાયની ઓળખાણ ॥

॥ અથ સપ્તમ વ્રત કરણી ॥

અણુગળ પાણી ન પીઉં, વાસી વસ્તુ ન ખાઉં, કાળમાન જાણું ત્યાં સુધી વસ્તુ વાપરૂં; તે ઉપરાંત ન વાપરૂં. સચિત્ત વસ્તુને અચિત્ત વસ્તુની બુદ્ધિએ વાપરૂં નહીં. જેમકે ગુંદર અચિત્ત છે, પણ ઝાડ સાથે હોય ત્યાં સુધી સચિત્ત છે. તેને અચિત્તની બુદ્ધિએ ઉખેડી ખાઉં તો અતિચાર સચિત્તનો લાગે. તેમ સર્વ વસ્તુની ઓળખાણ ગુરૂમુખથી જાણી ઓળખું. તેમ બાવીશ અભક્ષ્યને બત્રીશ અનંતકાયનો વિચાર તેની ચોપડીથી વાંચવો.

॥ અથ અષ્ટમ અનર્થદંડ વિરમણ વ્રત. ॥

આર્તધ્યાન, રૌદ્રધ્યાન, પાપોપદેશ, રાજકથા, દેશકથા, ભોજન કથા, વગેરે ટાળું.

॥ અથ અષ્ટમ વ્રત કરણી ॥

પ્રમાદ ચરિત ન આચરૂં, પાણીમાં ઝીલવું, જુગાર રમવું, વાદ કરવો, હાસ્ય રસ ઉપજે તેવા શબ્દ બોલવા, નવા નવા પ્રકારનાં નાટક કરાવવાં, ગીતો ગવડાવવાં, રસની લાલચે મિષ્ટાન્ન આદિકનો વર્ણવ કરવો, ફાગ ગવડાવવા, એવા અનેક કાર્ય કે જેથી આચાર ભ્રષ્ટ થાય તેવું અનર્થદંડ ન સેવું.

॥ અથ નવમું સામાયિક વૃત. ॥

સવારના [ ] કરૂં. સાંજના [ ] કરૂં નિત્ય પ્રત્યે એટલે માસમાં [ ] તિથિ નિયચે સામાયિક કરૂં, બાર મહિનામાં [ ] નિયમ પ્રમાણે સામાયિક કરૂં રોગાદિક કારણે જયણા પણ આગળ પાછળ કરૂં. પાંચ અતિચાર જાણું. પણ આદરૂં નહીં.

॥ અથ નવમ સ્થૂલ વ્રત કરણી. ॥

બે ઘડીનું સામાયિક પૂર્ણ ન થાય, તેની આગળ ન પાળું. સામાયિકમાં અરહું પરહું પરિભ્રમણ ન કરૂં. સામાયિક કરતાં વેળાએ

વેળા જોઉં. સામાયિક યદ્દવા તદ્દવા (જેમ તેમ, જેવું તેવુ) ન કરૂં. સમતા ભાવથી પ્રતિક્રમણુ કરૂં. દોષ ન લગાડું.

॥ અથ દશમું સ્થૂલ દેશાવગાસિક વ્રત ॥

ચૌદ નિયમ નિત્ય પ્રત્યે ધારૂં. અને તેમાં વીસરી જવાય તો બીજે દિવસ એકાસણુ કરૂં, અથવા [ ] કરૂં. અર્થાત્ માસ એકમાં [ ] વાર કરૂં. એટલે બાર મહીને [ ] વાર કરૂં. પાંચ અતિચાર જાણું. પણ આદરૂં નહીં.

॥ અથ અગીયારમું પોષધ વ્રત. ॥

વર્ષ એક મધ્યે પોષધ વ્રત [ ] તિથિ નિયમ કરૂં.

॥ અથ પોષધ વ્રત કરણી. ॥

પોસહ કરેલ દિવસે લાંબે પગે સુઇ ન રહું. બેસી રહે તે ન કરૂં. રાત્રે પણ સંથારા પોરસી ભણાવી સુઇ રહું. પણ વિના સંથારે લાંબે પગે સુઇ ન રહું. શ્લેષ્મ આદિક વસ્તુ નાખવાનું ઠામ હોય તેને ઉઘાડું રાખુ નહીં વાની (રાખ) રાખી મુકું. એમ અનેક પ્રકારે જોગવાઇ ગુરૂમુખથી જાણી પાળું.

॥ અથ બારમું અતિથિ સંવિભાગ વ્રત. ॥

પોસહને પારણે સાધુ અથવા શ્રાવકની ભકિત કર્યા પછી હું પારણું કરૂં. તથા ગુરૂનો જોગ હોવાથી નિત્ય પ્રત્યે પડી લાભવા પછી ભોજન કરૂં. તે જોગવાઇ ન બની શકે તો સાથે રહી બીજાના ઘરે પડી લાભવા જઉં. ત્યાર પછી જમું.

॥ અથ બારમા વ્રત કરણી. ॥

તિથિ નિયમ. [ ]

એ તિથિએ લુગડાં ન ધોયું. રાગણું, લીંપણું ન કરૂં, ન કરાવું, તેમ કરતાને સારૂં જાણું. નહીં. લીલોતરી સર્વથા ન ખાઉં. પાપના આરંભો

ન કરૂં. (ઠાલર ખડકાવવી, કે ઉખલાળવી, અથવા સડેલાં ધાન્ય દલાવવાં, ભરડાવવાં કે ઉપણવાં, તેમ ઘંટી ફેરવવી, ખાંડવું, ભાંગવું, ત્રોડવું, ફોડવું વગેરે સ્થૂલ કાર્ય તેમ પાપ ન કરૂં. ખેતર ખેડવા ન જાઉં, અથવા છેદન ભેદન કરવા ન જાઉં.) માટે એ તિથિ નિયમે પાપકાર્ય વરજી પોસહ, પ્રતિક્રમણાદિક ધર્મકાર્યમાં વર્તું. તથા અઠાઇ નિયમમાં પણ પાપકર્મ વરજી ધર્મ કાર્ય સાધું.

॥ અથ અઠાઇ નિયમ ॥

જ્ઞાનાદિકના અતિચાર ગુરૂ મુખથી સાંભળી ન લગાડું; તથા સંલેખણા કરવાના ભાંગા તેમ તેના અતિચાર ન લગાડવા; તેવા વિચારો આવે તો તેને નિવારૂં; છાંડું; એ બારે વ્રતમાં ચાર આગારને છછીંડી તથા પાંચ અતિચાર એ ઓળખવા ગુરૂ ઉપદેશ જાણું. તે જાણી બારે વ્રત તેવી રીતે વર્તમાન મુજબ સંક્ષિપ્તથી પાળું. તેથી ઉપરાંત અગ્યાર પ્રતિમા લેવા ચઢતો વૈરાગ્ય રાખું તેમ સર્વ વિરતિપણું પાળવા ભાવના રાખું. ને સંસાર જાણું. આ બારે વ્રત કાયાથી પાળું. જે મન વચનથી પળે તે પાળું. તદુપરાંત મન, વચન, કાયા વગેરે રોકવા ઘટતો પ્રયત્ન કરૂં બારે મહિને સંવત્સરી (સ્વામી ભક્તિ) [ ] કરૂં સુતક વિચારથી સુતક દૂષણ ન લગાડું. તેમ ચૌદ સ્થાનકે સંમૂર્છિત જીવ ન ઉપજે એટલા માટે જયણા કરૂં. તે ચૌદ સ્થાનકનાં નામ [

]

તે સ્થાનકે યતના કરૂં. તેમ જીવ દયા માટે ઘર આરંભમાં જે જે વસ્તુ જોઇએ, તે છાંટી છુંટો સાફ કરીને વાપરૂં. ગુરૂ મુખથી તેની વિધિ જાણું. અનાજ આદિકની એઠ બે ઘડી અંદર સુકાવી મુકું; અથવા જનાવરાદિકને પીવરાવી દઉં. પણ જીવાત ઉપજે તેમ કરૂં નહીં. આ પ્રમાણેના સર્વ નિયમો પાળું.

॥ इति बार व्रत अधिकार सहीत संपूर्ण ॥

આ પુસ્તક મુંબઈ નં. ૯૩, [illegible] [illegible] [illegible] [illegible] [illegible] [illegible] ઓરિયેન્ટલ ક. [illegible] સ્ટર પ્રેસમાં [illegible] [illegible] [illegible] છાપ્યું અને [illegible] માંડવી [illegible] નં. ૩ [illegible] શા. [illegible] [illegible] [illegible] ઘર નં. ૪૪, ૫૯ માં શ્રી [illegible] [illegible] [illegible] પ્રસિદ્ધ કર્યું છે